# પુર્વ અને પશ્ચીમ

–રેખા પી. સીંધલ

"મૉમ, માઈક ઈઝ આસ્કીંગ મી ફોર ડેટ, કેન આઈ ગો ?" મારી સોળ વર્ષની પુત્રી પ્રીયાએ જ્યારે પ્રેમ અને વીશ્વાસથી મને આમ પુછ્યું ત્યારે 'ના' પાડવી અઘરી બની ગઈ; પણ 'હા' પાડવી એનાથીય અઘરી હતી. હું ફકત એટલું જ બોલી શકી કે મને તારા માટે ડર લાગે છે. તરત કહે, "કેમ ?" હું શું જવાબ આપું આ એક શબ્દના પ્રશ્નનો ?

ત્રણ દીકરીઓમાં પ્રીયા સૌથી નાની અને એટલી ચાલાક કે તેણે સમયસુચકતા વાપરીને મને ઝડપી હતી; જેથી હું કામ કે થાક અગર તો બીજું કોઈ બહાનું કાઢીને વાત ઠેલી ન શકું. એ માટે જરુરી ધીરજ પણ એણે જાળવી હતી. મને રડું રડું જોઈ એટલે કહે, "તું ચીન્તા ન કર. તારાથી છુપાઈને મારે કંઈ નથી કરવું અને એટલે તો પુછું છું." ચીન્તા ઘટી; પણ મુશ્કેલી વધી ! મેં કહ્યું કે મને વીચારવા માટે સમય જોઈએ. તે કહે, "ભલે, કેટલો ?" એના ટુંકાટચ ત્રણ પ્રશ્નોએ મને ખળભળાવી નાખી. મેં એક મહીનાનો ઓછામાં ઓછો સમય માંગ્યો. જાણે એને પણ મને પટાવવાનો એટલો સમય મળી ગયો હોય તેમ એ ખુશ થઈ ઉઠી. કહેવા લાગી કે તારે જ્યારે પણ એ અંગે વાત કરવી હોય ત્યારે મને કહેજે હું તૈયાર જ છું. અમારો મા-પુત્રીનો અન્યોન્ય માટેનો વીશ્વાસ અત્યારે ચરમ સીમાએ હતો સાથે સાથે કસોટી પર પણ હતો.

બીજા દીવસે પ્રેમથી પાસે બેસાડીને મેં મારી આ અત્યંત વહાલી પુત્રીને કહ્યું, " બેટા, માઈકને હું બહુ જાણતી નથી; તેથી હા કહી શકતી નથી." એ કહે, "તને મારો વીશ્વાસ નથી? તારે મારા થકી માઈકનો ભરોસો કરવાનો છે." અમારું વાક્યુદ્ધ શરુ થયું. "બેટા, આ ઉમ્મરનો ભરોસો તારે પણ ન કરવો જોઈએ." મારી આ વાતનો તરત સ્વીકાર કરીને કહે, " હા, એ તો ખરું જ ને ! એટલે તો અમે લગ્નનું નહીં; ડેટીંગનુ વીચારીએ છીએ."

અત્યાર સુધી અમારી વાત ચુપચાપ સાંભળતી મારી મોટી પુત્રી નીતીએ વાતમાં ઝંપલાવ્યું. પ્રીયાને કહે, "પણ મમ્મી, ડેટીંગ વીશે જ કંઈ જાણતી નથી ! પહેલાં ડેટીંગ એટલે શું તે એને સમજાવ." એના પપ્પા ઘરમાં હોત તો મહાભારત જ સર્જાયું હોત તે કદાચ બન્ને બહેનોને પહેલેથી જ ખબર હશે. મેં મારું (અ)જ્ઞાન દર્શાવ્યું, " મને ખબર છે ! ડેટીંગ એટલે છોકરો અને છોકરી લગ્ન થઈ ગયાં હોય તેમ સાથે હરે-ફરે અને પછી ન ફાવે તો લગ્નની ના પાડીને ઉભા રહે." પ્રીયા કહેવા લાગી કે ના, મમ્મી એવું નથી.... વચ્ચે જ નીતી કહે, "મમ્મીને એમ છે કે ડેટીંગમાં સેક્સ અનીવાર્ય છે. હવે તું એની સાથે ફોડ પાડીને વાત

કર.'' ''તું જ કહે ને !'' એમ જ્યારે મેં નીતીને કહ્યું ત્યારે ''મારું એ ગજું નહીં,'' એમ કહી એણે ચાલતી પકડી. આટલું કહેતાં પણ એને તકલીફ પડી હશે; કારણ કે તે જાણતી હતી કે મમ્મી જે વાતાવરણમાં ઉછરી છે તેમાં સેક્સની વાત કરાય જ નહીં અને માબાપ સાથે તો ભુલેચુકે પણ નહીં. પણ પ્રીયા પાસે ધીરજનો આજે ભંડાર હતો અને મારી તો એ વગર હાર જ હતી. એટલે પ્રીયાએ જ ફરી તંતુ સાંધ્યો. ''એવું નથી મમ્મી, અમારી મીત્રતા આખી જીન્દગી ટકી શકે તે માટે વીશ્વાસ કેળવવા, અમે એકબીજાને નજીકથી ઓળખી શકીએ, મીત્ર તરીકે અત્યારે પણ 'છુટ'થી હરીએ–ફરીએ અને એકબીજાને સંભાળીને સમજી શકીએ તે માટે....'' આમતેમ ડેટીંગ વીશે એણે મને ઘણું સમજાવ્યું; પણ મારું સમગ્ર ધ્યાન 'છુટ' શબ્દ પર કેન્દ્રીત હતું. એટલે મારે કેટલી છુટ આપવી તે વીચારવા માટે મને મળેલ સમય મારે ગુમાવવો નહોતો. 'જોઈશુ !' કહીને મેં તત્કાળ પુરતી ચર્ચાની સમાપ્તી કરી.

બાપ–દીકરી વચ્ચે મોરચો ન મંડાઈ જાય તે માટે આ વાત યોગ્ય સમયે યોગ્ય રીતે મારા પતી વીમલને કહેવાનું મેં વીચાર્યું હતું. સાંજે જ્યારે એણે પુછ્યું કે "શું વીચારે છે? કેમ મુંઝાયેલી લાગે છે?" ત્યારે મને ખ્યાલ આવ્યો કે હું સ્વસ્થ નથી અને આ વાત કરીશ તો મારાથી પણ વધારે તેઓ અકળાઈ ઉઠશે. ઉપરાંત મારી ક્યાં ભુલ છે અને હવે કેમ સુધારવી તેના તાત્કાલીક ઉપાયો કરવા માટેનાં સુચનો આપવા લાગશે. પછી અમારો આ કલહ મુળ પ્રશ્ન પરથી અમારું ધ્યાન ચલીત કરી દેશે. એવા ડરથી એ સમયે હું ચુપ જ રહી. ગયા રવીવારની જેમ આ રવીવારે પણ એમણે કામ પર જવું પડશે કે કેમ ? એ પુછતાં વાતની ગંભીરતા એમને સમજાઈ ગઈ અને અત્યારે આગળ કંઈ ન પુછવામાં જ શાંતી છે તે પણ સમજાઈ ગયું.

ત્રણ દીવસ પછી રવીવારની રજાના દીવસે દીકરીઓ (કદાચ અમને એકાંત આપવા જ) મામાને ઘરે ગઈ હતી. હું સવારમાં વહેલી ઉઠીને મારાં બધાં કામ આટોપી ચાની સાથે પ્રેમનો કટોરો લઈને વીમલ સાથે વાત કરવા બેઠી; કે જેથી જે સમસ્યા ઉભી થઈ એમાં મારો જો કાંઈ વાંક હોય તો માફ કરી, આગળ શું કરવું તેમાં તેઓ દોરાઈ શકે. સંતાન, એમાંય દીકરી, ખોટું કરતી જણાય ત્યારે તેની માતાનો વાંક કાઢવા પાછળ શું પીતાનો પુત્રી પ્રત્યેનો સ્નેહ હશે ?

આ દેશમાં આવ્યા એટલે એક વસ્તુ તો ખરી જ કે કોઈ પણ કૌટુંબીક સમસ્યા ઉભી થાય એટલે દોષનો ટોપલો અમેરીકન કલ્ચર પર ઢોળીને હળવા થવામાં સરળતા રહે છે. આ હળવાશ સાથે જ અમે પણ વાત શરૂ કરી. દીકરી કેટલી ડાહી અને પ્રેમાળ છે, આપણો કેટલો બધો વીચાર કરે છે, હવે મોટી થઈ છે અને સ્વતંત્રપણે વીચારવા લાગી છે એટલે

એની પર નજર રાખવા માટે આપણી પાસે તેની પર વીશ્વાસ રાખવા સીવાયનો કોઈ વીકલ્પ હોય તો કહેવા મેં વીમલને આજીજી કરી. મારી મજબુરીઓમાં પોતાની મજબુરીનું પ્રતીબીંબ જોઈ એ શાંત જ રહ્યા અને મને એક કીલ્લો સર કર્યાની હાશ થઈ !

પછી મેં તેને માઈક અને ડેટીંગ વીશે વાત કરી. માઈક સાથેનું પ્રીયાનું હળવું–મળવું એમને રુચતું નહોતુ એ ખ્યાલ માઈકને પણ આવી ગયો હતો, તે મેં પ્રીયા પાસેથી જાણ્યું હતું; પણ આજે વાંધો માઈકનો નહીં; ડેટીંગનો હતો. મુખ્ય વીષય ‘ડેટીંગ’ થઈ ચુક્યો હતો; માઈક નહીં. આ નબળી પળોમાં અમારો પરસ્પરનો પ્રેમ છલકાતો હતો. પાંત્રીસ વર્ષો અમે સાથે રહી શક્યાં તે આ પ્રેમની નબળાઈને કારણે જ. આ જ નબળાઈ હવે દીકરીમાં જોવા મળે છે ત્યારે એને કેમ પોષવી ? એ મુંઝવતો પ્રશ્ન હતો. વીમલ એકદમ જ ચુપ થઈ ગયા. સાથે સાથે ઉદાસ પણ ! પ્રીયાને આપણે સાથે મળી સમજાવવી પડશે એમ કહી, મેં એમની મદદ માંગી, ત્યારે વીંધી નાખતી સ્થીર નજરે એમણે મારી સામે જોયું અને હું ફરી ખળભળી ઉઠી.

ઉનાળાના વેકેશનની નીરાંતને કારણે પ્રીયા સાથે વાત કરવાનો પુરતો સમય હતો. પણ વાત શું અને કેમ કરવી ? તે વીચાર કરવા છતાં સુઝતું નહોતું. મામાને ત્યાંથી એ પાછી આવીને મને ભેટી. મને એવું લાગ્યું જાણે એ વહાલ લેવા નહીં; આપવા આવી હોય. માઈકની એમાં જીવનભરની ભાગીદારી માટે મારે તૈયારી કરવાની હતી. એક અજાણ્યા અમેરીકન છોકરા પર મારી વહાલી પુત્રીની સંભાળનો મારે વીશ્વાસ કરવાનો હતો. જ્ઞાતી અને ધર્મના વાડાઓ કુદાવીને, ‘વસુધૈવકુટુંબકમ’ના વીચારોને પુસ્તકમાંથી જીવનમાં ઉતારવાની ક્ષણ ઘણી કપરી લાગી.

થોડા દીવસ પછી એક સાંજે હું ને પ્રીયા બહાર વરંડામાં હીંચકે બેઠાં. મારી મુંઝવણો એ સમજશે એમ માનીને મેં કહ્યું કે માઈક સારો છોકરો જણાય છે અને ભણવામાં ઘણો હોશીયાર છે તે ખરું; પણ તે, તેનું કુટુંબ અને તેનો સમાજ, બધું આપણાથી અજાણ્યું આપણે એને સ્વીકારીએ; પણ એ આપણને કાયમ માટે સ્વીકારશે તેની ખાતરી શું ? તેનો જવાબ હતો કે : “ડેટીંગ દરમ્યાન અમારો પ્રેમ અને વીશ્વાસ દૃઢ થશે તો જ અમે પરણીશું; નહીંતર નહીં. અને તેના કુટુંબમાં કોઈને મારો વાંધો નથી અને હોય તો પણ; એ માઈકે સંભાળવાનું છે. રહી સમાજની વાત તો મમ્મી, મારો અને માઈકનો સમાજ એક જ છે – અમેરીકન. તમારો સમાજ જે ઈન્ડીયામાં છે તેને તો અમે ઓળખતાં પણ નથી અને જે અહીં છે તે ભારતીય સમાજનાં અમારાં જેવડાં બાળકો અમને સમજી શકે, માબાપ નહીં.”

તે દીવસે મને ભાન થયું કે મારો અને મારાં સંતાનોનો સમાજ અલગ પડી ગયો છે. મારી મુંઝવણો એને સમજાવવા કરતાં હવે તેની મુંઝવણો મારે સમજવાની જરુર છે તેનું પણ ભાન થયું. નીતીને સમજવામાં મેં બહુ મોટી ભુલ કરી છે તેનો પણ અહેસાસ થયો. માબાપ તરીકે અમે એને સમજાવવામાં જ વ્યસ્ત હતાં; સમજવામાં નહીં. અન્તે અમે એને નહીં જ સમજી શકીએ તે નીરાશાએ એને અમારાથી દુર કરી દીધી હતી. તે ઘરમાં જ હોવા છતાં; અમારી ચર્ચામાં ભાગ લેવા તો જ આવતી, જો એનાથી એની નાની બહેનને કંઈ ટેકો મળી શકે.

ગુનાહીત ભાવ સાથે મેં છેલ્લી દલીલ કરી કે, ‘‘મેં તારી મોટી બહેનોને આટલી બધી છુટ નથી આપી અને હવે તને આપું તો મેં એમને અન્યાય કર્યો ગણાય.”

‘‘હમણાં જ પાછી આવું છું,’’ એમ કહી પ્રીયા ઘરમાં જઈ નીતીને બોલાવી લાવી.

નીતી કહે, ‘‘મને તો તેં અન્યાય કર્યો જ છે. હવે પ્રીયાને ન કરે તો સૌથી વધુ આનંદ મને થશે.’’

ત્રીજી પુત્રી સુજાતા, અમે એના માટે પસંદ કરેલાં યુવાન સાથે પરણીને સાસરે સુખી છે. અને આ પ્રશ્ને અમારી કૌટુંબીક એકતામાં ભંગ ન પડે તેવા પ્રયત્નો તે દુરથી ફોનમાં કર્યા કરતી.

અમારી હાર થઈ ચુકી હતી પણ કબુલવા અમે તૈયાર નહોતાં; તેમ છુટ આપવા પણ તૈયાર નહોતાં. પ્રીયાના પ્રેમે એને ઘણી ધીરજ બક્ષી હતી. શાંત, મૃદુ અને પ્રેમાળ હાસ્ય સાથે વળી એક સાંજે મને કહે, ‘‘ચાલ, હું તને રસોઈમાં મદદ કરું.’’ માબાપ દુ:ખી થતાં હોય તો તેને કેમ ખુશ કરવા તે કળા સંતાનોને હસ્તગત હોય છે. રસોઈ કરતાં કરતાં તે પુછવા લાગી કે, “માઈક અને તેનો ભાઈ ચાર્લ્સ શુક્રવારની સાંજ આપણી સાથે ગાળવા આવી શકે?” આમ તો એ બન્ને પ્રીયાના મીત્રવર્તુળમાં હોવાને કારણે અમારે ત્યાં આવતા રહેતા અને સાથે અન્ય મીત્રો પણ હોય જ. પ્રીયાને ખબર જ હતી કે તેના મીત્રો માટે અમારા ઘરના દરવાજા ખુલ્લા છે; તો પણ એણે પુછ્યું તેનો મને આનંદ થયો. આ રીતે અમે માઈકના સીધા પરીચયમાં આવી શકીએ તે એનો હેતુ હતો.

પછીના શુક્રવારે સાંજે બન્ને ભાઈઓ અમારી સાથે જમ્યાં. ખુબ સારી છાપ પાડીને ગયા. કીશોર વયના એ બન્ને ભાઈઓને રાતના આઠ વાગ્યા પછી ઘરબહાર જવાની છુટ નહોતી. કાર અકસ્માતમાં તેમની માતાના મૃત્યુ પછી એમના પીતાએ બીજાં લગ્નનો વીચાર

કર્યા વગર આ બન્ને બાળકોના ઉછેર પર સમગ્ર ધ્યાન કેન્દ્રીત કર્યું હતું. માઈક મને ખુલ્લા દીલનો પ્રામાણીક યુવાન લાગ્યો; છતાં મારી દીકરીની શક્ય નબળાઈઓ સાથે તે જીવનભર સાથ નીભાવે કે કેમ ? અને તેની શક્ય નબળાઈઓ પ્રીયાને જીવનભર સહ્ય હશે કે કેમ ? એ પશ્ન હું પ્રીયાના ધ્યાન પર મુક્યા વગર ન રહી શકી. ફરીને વાત ડેટીંગ પર આવીને ઉભી રહી. ‘‘એટલે જ તો અમે ડેટીંગનું વીચારીએ છીએ. હજુ લગ્નનું ક્યાં નક્કી છે ? એવું લાગશે તો અમે લગ્ન નહીં કરીએ અને મમ્મી, તું શા માટે અત્યારથી લગ્ન સુધીનું લાંબું વીચારે છે ? હજુ ચારપાંચ વર્ષ તો અમારે ભણવાનું પણ બાકી છે. ડેટીંગ દરમ્યાન અમારી મીત્રતા વધુ ગાઢ નહીં થાય તો જીવનસાથી થવાનો સવાલ જ ઉભો થતો નથી !’’ ‘‘મતલબ કે ડેટીંગ એટલે લગ્ન માટે જરૂરી મીત્રતા ગાઢ કરવાનો પ્રયાસ એમ જ ને ? તો પછી મને વચન આપ કે તું અમને પુછ્યા વગર લગ્નનું નક્કી નહીં કરે.” મેં આમ કહ્યુ કે પ્રીતી તરત કબુલ થઈ. તેથી મને હાશ થઈ. હજુ મારી પાસે ઘણો સમય છે. હું એને પાછી વાળી લઈશ. એમ મન મનાવીને મેં તેને ડેટીંગની છુટ આપી.

થોડા દીવસ વીત્યા હશે ત્યાં અવઢવ સાથે પ્રીયાએ એક નવો પશ્ન પુછ્યો, ‘‘મોમ, તું કહેતી હોય છે કે જગતના બધા ધર્મો સમાન છે બરાબરને ?’’ મેં જવાબ આપ્યો, ‘‘હા, કેમ તારે ધર્મ તો નથી બદલવો ને ?’’ મારું લોહી વેગથી દોડવા લાગ્યું. “નહીં, નહીં, મમ્મી....’’ ક્યારેક મૉમ અને ક્યારેક મમ્મી કહેતી એ મને શાંત કરવા લાગી. ‘‘માઈક બહુ સારો છોકરો છે. મને કહે છે કે તને હું ક્યારેય ધર્મ બદલવાની ફરજ નહીં પાડું; પણ......” આગળ કંઈક કહેતાં તે અટકી ગઈ. “તો પછી શી વાત છે ? બોલને !” મેં તરત સ્વસ્થતા ધારણ કરી પુછ્યું. માઈક કહે છે, ‘આપણે ભવીષ્યમાં લગ્ન કરીએ તો આપણાં બાળકો અમારો ધર્મ પાળશે. તારાં માબાપને તેનો વાંધો નથીને, તે પુછી જોજે. પછી ત્યારે ધર્મનો ઝઘડો આપણાં વર્ષોના સંબંધ પર પાણી ફેરવે; તે કરતાં અત્યારથી અટકવું સારું !’ મેં કહ્યું કે, ‘ઝઘડો પોતે જ કોઈ પણ ધર્મની વીરુદ્ધની બાબત છે. માટે ધર્મ માટે ઝઘડવાની વાત તો બેબુનીયાદ છે; પણ તેને કહેજે ધર્મ માટે સહીષ્ણુ એવાં મારાં માબાપ, માંસાહારી ખોરાક માટે અસહીષ્ણુ છે. અને તું ફકત શાકાહારી રસોઈ જ કરી શકીશ એ પણ એને કહી દેજે.’ ઉછળેલાં દડાની જેમ મારી દીકરી બીચારી એના રુમમાં જતી રહી. અમે તો આમેય આ સમ્બન્ધ આગળ વીકસે એવું ઈચ્છતા નહોતાં.

હવે માઈક એકલો અવારનવાર અમારે ત્યાં આવવા લાગ્યો. પ્રીયા તેને ત્યાં જતી તે મને બહુ રુચતું નહીં; એટલે હું માઈકને વધુ પ્રેમથી સત્કારતી. માઈકના ડૅડીને પ્રીયા માટે સારો ભાવ છે એ જાણ્યા પછી મને થયું કે અમારે વીઘ્ન ન બનવું જોઈએ. લગ્ન પહેલાં

તેઓ 'હદ' નહીં ઓળંગે તેની ખાતરી પણ માઈક પરના ધાર્મીક પ્રતીબંધોથી અને તેના વધુ પરીચયથી થઈ. એમના પર વધતા જતાં વીશ્વાસને કારણે મારો ડર ઘટતો જતો હતો. માઈક અમારી દુનીયામાં પ્રવેશ પામી ચુક્યો હતો. હવે તે પ્રીયાને છોડી દે તો પ્રીયાની શી હાલત થાય તેની ચીંતા મને અકારણ થવા લાગી હતી ! બન્ને મોટી બહેનો મારી આ ચીંતા પર પ્રહાર કરતાં કહે, "અત્યારે તો તારે કારણે પ્રીયા એને છોડી દે એવી શક્યતા વધારે છે. અને એમ થાય તો માઈકની મનોદશા શી થાય તેનો તને ખ્યાલ છે ?"

સુકાન મારા હાથમાં છે તે ભ્રમ ભાંગતાં પીડા ઘણીય થઈ; પણ સાથે એક પ્રકાશ પણ મનમાં પડ્યો કે પોતાના બાળકની શક્તીનો અંદાજ માબાપ એમના પરની સત્તાની અંધતાને કારણે લગાવી શક્તા નથી.

આઠ વર્ષ જોતજોતામાં વીતી ગયાં. પ્રીયા અને માઈક બંને ડૉક્ટરેટની ઉચ્ચ પદવીઓ પ્રાપ્ત કરી સ્વનીર્ભર થઈ, લગ્ન માટેની તૈયારી કરવા લાગ્યાં. આ વર્ષો દરમ્યાન માઈક અને પ્રીયાના ડૅડી વચ્ચે પણ વીશ્વાસ બંધાયો હતો. વીરોધનાં બધાં વમળો શમી ચુક્યાં હતાં. ક્યારેક પ્રીયા અને માઈક નાનાં બાળકોની જેમ ઝઘડી પડતાં અને અમને એની જાણ થાય તે પહેલાં તો અમારી સામે બન્ને હસતાં ઉભાં હોય ! માઈક ગુજરાતી બોલવાની કોશીશ કરતો ત્યારે ઘર ખડખડાટ હાસ્યથી ભરાઈ જતું. આવે ત્યારે 'ખેમ ચો?' (કેમ છો?)થી શરૂ કરી, જાય ત્યારે 'આવજો' સુધી ગુજરાતી શીખવાની તેની કોશીશ ચાલુ રહેતી.

બન્ને પક્ષનાં માબાપની ખુશી માટે લગ્ન હીન્દુ વીધીથી અને ખ્રીસ્તી ધર્મની વીધીથી એમ વારાફરતી બે દીવસ ઉજવવાનું નક્કી થયું. બન્ને પ્રસંગે બન્ને પક્ષના કુટુમ્બીજનો અને સ્નેહીમીત્રોની હાજરીમાં મેંદી રંગ્યા હાથે પ્રીયાએ, ગુજરાતી વરરાજાના પોશાક સાથે સાફો પહેરેલા માઈકના ગળામાં વરમાળા આરોપી. બ્રાહ્મણના મંત્રોચ્ચાર સાથે ફેરા ફર્યાં. બીજા દીવસે લગ્નના સફેદ પોશાકમાં પવીત્રતાની મુર્તી સમી પ્રીયા અને 'Made in India' ટાઈ સાથે બ્લ્યુ સુટમાં સજ્જ માઈક 'I do' કહી પાદરીની હાજરીમાં વચનબદ્ધ થયાં. વડીલોના આશીર્વાદ માટે પ્રણામ કરવા માઈક પ્રીયાને અનુસર્યો અને માઈકના કુટુમ્બીઓ સાથેના ડાન્સમાં પ્રીયા જોડાઈ. પુરો ખ્યાલ રાખી "something new, something old, something blue, something borrowed"નો શણગાર સજી પ્રીયાએ માઈક સાથે સહજીવનને પંથે પ્રયાણ શરૂ કર્યું ત્યારે મારાં અશ્રુમાંથી કવી દાદનું આ વીદાયગીત ટપકતું હતું :

"કાળજા કેરો કટકો મારો, ગાંઠથી છુટી ગ્યો
મમતા રુવે જેમ વેળુમાં વીરડો ફુટી ગ્યો"

–રેખા પી. સીંધલ

લેખીકા–સમ્પર્ક :

Rekha P. Sindhal
5022-Redvine way, Hixson, TN 37343, USA Phone: 423-244-0392
ઈમેલ: rekhasindhal@comcast.net લેખીકાનો બ્લોગ : http://axaypatra.wordpress.com/

‘વીદેશ–સ્થીત’ સર્જકની ‘સન્ડે ઈ–મહેફીલ’ના આ અંકના અતીથી સમ્પાદક સ્નેહી શ્રી હરનીશ જાની( harnishjani5@gmail.com)નો ખુબ ખુબ આભાર...બળવંત પટેલ..

@@@

‘સન્ડે ઈ-મહેફીલ’ – વર્ષ : આઠમું - અંક : 266 – March 24, 2013

‘ઊંઝાજોડણી’માં સાભાર અક્ષરાંકન: ગોવીન્દ મારુ - govindmaru@yahoo.co.in

@@@

**More than 1,93,00,000 Gujarati Language lovers have visited**
http://www.gujaratilexicon.com/

**More than 17,17,000 have visited Digital Bhagwadgomandal**
http://www.bhagwadgomandal.com/

**More than 4,23,500 have visited Lokkosh**
http://lokkosh.gujaratilexicon.com/

@

**EarlierArticles of all 'Sunday eMahefil's can easily be downloaded from our website:**
**http://www.gujaratilexicon.com/index.php?action=downloadSeM**

@@@@@@@@@